પોલીસ કમીશ્નર કચરી, અમદાવાદ શહેર.

જાહેરનામાં ક્રમાંક.ગ/ઉપક/ ૫૦૧ /૨૦૧૬ તા.૨૩ /૧૦ /૨૦૧૬

ફોન નં.૦૭૯ – ૨૫૬૨૦૧૬૦

---

**જાહેરનામુ :**

આગામી દિવાળીના તહેવારો દરમ્યાન ફોડવામાં આવતા ફટાકડાઓના કારણે દુકાનમાં આગના બનાવો તથા અકસ્માતો થવા ન પામે તે આશયથી ચાલુ સાલે દારુખાના ઉપયોગ અને વપરાશ ઉપર નિયંત્રણ મુકવુ ઇષ્ટ જણાય છે. જેથી આ જાહેરનામુ પ્રસિધ્ધ કરી જાહેર જનતાને ખબર આપવામાં આવે છે કે, ગુજરાત પોલીસ અધિનીયમ સને.૧૯૫૧ ની કલમ ૩૩ (૧) (બ) થી મને મળેલ અધિકારની રુએ હુ એ.કે.સિંઘ, પોલીસ કમીશ્નર, અમદાવાદ શહેર, આથી નીચે મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવુ છુ.

**: કૃત્યો :**

૧/- જાહેર જનતાની સલામતી ખાતર અમદાવાદ શહેરના બજારો, શેરીઓ, ગલીઓ, વિગેરે જાહેર વપરાશના સ્થળોએ જાહેર જનતાને અડચણ રુપ થાય તે રીતે તેમજ પેટ્રોલ પમ્પ, કેરોસીનના ગોદામ અને દુકાન નજીક કોઇપણ શખ્સ સળગાવ્યા પછી ઉચે ચડી અગર દુર ફુટતુ દારુખાનુ જેવુ કે સીડી, ભોયચકરડી, હવાઇ, એટમબોમ્બ, ચાઇનીઝ, ફટાકડા, રોકેટ તેમજ ઉંદરડી પ્રકારનુ (હાથથી છુટા ફેકી શકાય તેવા ગાંડા રોકેટ) ફટાકડા ફોડવા નહીં.

૨/- અમદાવાદ શહેરના કોઇપણ ફટાકડા વિક્રેતા વિદેશી ફટાકડા તેમજ ઉંદરડીનો જથ્થો (હાથથી છુટા ફેકી શકાય તેવા ગાંડા રોકેટ) રાખશે નહી કે વેચાણ કરશે નહી.

૩/- આ પ્રકારના ફટાકડા અમદાવાદ શહેરના એલ.પી.જી બોટલીગ પ્લાન્ટ તેમજ આઇ.ઓ.સી.ના પ્લાન્ટ તથા આવા બલ્ક પ્લાન્ટ અને એરોડ્રામ અને એ.એસ.એફ. પ્લાન્ટની ૫૦૦ મીટરની હદમાં ફોડવુ નહી.

૪/- આ જાહેરનામાનો ભંગ કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનીયમન ૧૯૫૧ ની કલમ ૧૩૧ અને આઇ.પી.સી.કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો અમલ તારીખ : ૨૩/૧૦/૨૦૧૬ થી તારીખ : ૧૫/૧૧/૨૦૧૬ સુધી રહેશે.

આજ રોજ તારીખ : ૨૩/૧૦/૨૦૧૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ માટે બહાર પાડવામાં આવેલ છે.

(એ. કે. સિંઘ)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર.

**નકલ સવિનય રવાના :**

૧.મેનેજરશ્રી ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા

૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેઝેટમાં પ્રસીધ્ધ કરવા સારુ